# ધોળા દિવસે સે-૨૫ જી.આઈ.ડી.સી. નજીક મહિલાની આબરુ લેવાની કોશિશ

## પોલીસે મહિલાની ફરિયાદ લઈ આરોપીની સામે કાર્યવાહી હાથ ધરી છે

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર સ્થિત સેકટર-૨૫ જીઆઈડીસી વિસ્તારમાં ઉનાવા ગામની એક મહિલાની ધોળા દિવસે જાહેરમાં એક શખ્શે આબરુ લેવાનો પ્રયાસ કરતા હોહા મચી જવા પામી હતી અને મહિલાની ફરિયાદના આધારે સેકટર-૨૧ પોલીસે ગુનો નોંધી આરોપી શખ્સ સામે કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર ગાંધીનગર સ્થિત સે-૨૫ જીઆઈડીસી વિસ્તારમાં સહજાનંદ કંપની આવેલ છે. જયાંથી ઉનાવા ગામની એક મહિલા આજે એકલી ચાલતી પસાર થઈ રહી હતી આ દરમિયાન ઉનાવા ગામનો જ એક શખ્સ રમેશ ડાહ્યાભાઈ રાવળ (રહે. કુકડાવાસ ઉનાવા) એ પાછળથી બાઈક લઈ આવી ચાલતી જતી મહિલા પાસે ઉભું રાખી તેની જાહેરમાં આબરુ લેવાની કોશિશ કરી હતી. જો કે મહિલાએ બુમાબુમ કરતા આસપાસ કામ કરતા લોકો દોડી આવ્યા હતા પરંતુ ત્યાં સુધીમાં આરોપી નાસી છૂટવામાં સફળ રહ્યો હતો. બાદમાં મહિલાએ આબરુ લેવાની કોશિશ બાબતે સેકટર-૨૧ પોલિસ મથકમાં ફરિયાદ આપતા પોલીસે આરોપી રમેશ રાવળ વિરુધ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ગાંધીનગર જિલ્લામાં પોણા ત્રણ વર્ષમાં કુલ ૧૧૯૭૭ અકસ્માતના બનાવો

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લામાં હવે માર્ગો વધુ ને વધુ જોખમી સાબિત થઈ રહ્યા છે. દિવસે ને દિવસે વાહનોની સંખ્યા વધવાની સાથે માર્ગ અકસ્માતો પણ વધવા લાગ્યા છે. ત્યારે છેલ્લા પોણા ત્રણ વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં કુલ ૧૧૯૭૭ નાના મોટા માર્ગ અકસ્માત નોંધાયા છે.

ગાંધીનગર શહેરમાં અગાઉના સમયે અકસ્માત થાય તે કદાચ ક્યારેક જ જોવા મળતું હતું. ગાંધીનગર શહેર સહિત જિલ્લાના કલોલ માણસા અને દહેગામમાં પણ વિકાસ થતાં જે સાંકડા માર્ગો હતા તેને મજબુત અને પહોળા કરવામાં આવ્યા છે. પરિણામે ધીમે ધીમે જિલ્લામાં વાહનોની પણ સંખ્યામાં નોંધપાત્ર વધારો થવા પામ્યો છે. ખુલ્લા અને કલીન માર્ગો હોવાથી લોકો પણ પોતાના વાહનો પુરપાટ ઝડપે હંકારે છે. તો ક્યારે યોગ્ય રીતે વાહન હંકારતા ગંભીર અકસ્માતને નોતરૂ આપે છે. ત્યારે પોણા ત્રણ વર્ષણાં જિલ્લાભરમાં કુલ ૧૧૯૭૭ નાના મોટા અકસ્માતો નોંધાયા છે. જેમાં દહેગામ તાલુકામાં ૨૦૧૧માં ૬૪૮, ૨૦૧૨માં ૫૧૪ અને ૨૦૧૩માં ૪૩૫, ગાંધીનગર તાલુકામાં ૨૦૧૧માં ૨૪૫૮, ૨૦૧૨માં ૨૪૩૪ અને ૨૦૧૩માં ૧૮૫૫, કલોલ તાલુકામાં ૨૦૧૧માં ૯૦૮, ૨૦૧૨માં ૮૧૦ અને ૨૦૧૩માં ૫૮૩ તેમજ માણસા તાલુકામાં ૨૦૧૧માં ૪૮૦, ૨૦૧૨માં ૪૫૩ અને ૨૦૧૩માં ૩૩૯ અકસ્માતો નોંધાયા હતા. આ અકસ્માતમાં સૌથી વધુ અકસ્માતો એ ગાંધીનગર શહેરમાં બનવા પામ્યા હતા. માર્ગ અકસ્માતોનું પ્રમાણ વધવા પાછળનું કારણ વાહન ચાલકની પાસે વાહન ચલાવવાની યોગ્ય સમજણ ન હોવાનું પણ પ્રકાશમાં આવ્યું છે.

# મુસાફરો ભરેલી તુફાન જીપને ટેન્કરે ટક્કર મારતા અકસ્માત

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર અમદાવાદ માર્ગ પર આજે એક તુફાન જીપને પાછળથી ઓઈલના ટેન્કરે ટક્કર મારતા અકસ્માત સર્જાયો હતો. જેમાં જીપમાં બેઠેલા મુસાફરોને શરીરે નાની મોટી ઈજાઓ થવા પામી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર બનાસકાંઠા જિલ્લાનું એક પરિવાર બનાસકાંઠાથી અમદાવાદ રાણીપ મરણ પ્રસંગે હાજરી આપવા માટે આવતુ હતુ. તુફાન જીપ લઈ આવેલા આ વાહનમાં આશરે ૧૫ જેટલા મુસાફરો સવાર હતા. દરમિયાન આ મુસાફરો ભરેલ તુફાન જીપને માર્ગ પર પાછળથી પુરપાટ ઝડપે દોડી આવતી ઓઈલ ભરેલી ટેન્કરે ટક્કર મારતા અકસ્માત સર્જાયો હતો. ટેન્કરની ટક્કર વાગતા તુફાન જીપ માર્ગમાંથી ફંગોળાઈ ગઈ હતી. પરિણામે જીપમાં સવાર મુસાફરોને શરીરે નાની-મોટી ઈજાઓ થવા પામી હતી. આ અકસ્માતમાં સદ્‌નસીબે કોઈ વ્યક્તિને મોટી ઈજાઓ થઈ ન હતી અને તમામનો આબાદ બચાવ થવા પામ્યો હતો. અકસ્માત થતા ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી.

# ડેમોક્રેટિક પીપલ્સ એસોસિએશનની બેઠકમાં પડતર પ્રશ્નો ચર્ચાયા

ગાંધીનગર, તા. ૨૨

ડેમોક્રેટિક પીપલ્સ એસોસિયશન ગુજરાત ગાંધીનગરની બેઠક ભાનુકાન્ત પરમારના અધ્યક્ષ સ્થળે યોજાઈ હતી.

દલિત યુવકનું હરિયાણા પોલીસ કસ્ટડીમાં મૃત્યુ બાબતે રાષ્ટ્રીય માનવપંચને આવેદન મોકલાશે. સંસ્થાના મહામંત્રી મુળજીભાઈ પરમારે કાર્યવાહી નોંધની બહારી મેળવી હતી. ૯૯ બાબતોમાં અસ્પૃશ્યતા પાળવામાં આવે છે. નવસર્જન ટ્રસ્ટે સંશોધન કરેલ છે. તેમાં માહિતી મેળવેલ છે. અસ્પૃશ્યતા દૂર કરવા માટે મંત્રી રમણભાઈ વોરાની મુલાકાત લેવાનું નક્કી કરાયું.

ગાંધીનગર મહાનગરપાલિકાના રસ્તા ચોકમાં શહીદવીર મેઘમાયા, સ્વામી તેજાનંદના નામ આપવાની રજૂઆત કરવાનું ઠેરાવ્યું. તા. ૩૦મી નવેમ્બરે સ્નેહમિલન ગોઠવવામાં આવેલ છે. ખજાનચી પાનાચંદભાઈ વણકરે આભારવિધિ કરી હતી.

# ડભોડાના ભિક્ષુકગૃહની મહિલાનું દાઝી જતા સારવાર દરમિયાન મોત

ચિલોડા, તા. ૨૨

ગાંધીનગર તાલુકાના ડભોડા ખાતે આવેલ મહિલા ભિક્ષુક ગૃહમાં છેલ્લા ૧૫ વર્ષથી રહેતી ૫૦ વર્ષીય મહિલા થોડા દિવસ પહેલા શરીરે ગંભીર રીતે દાઝી જતા સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. જે મહિલાનું આજે સારવાર દરમિયાન કરૂણ મોત નિપજ્યું હતું.

પ્રાપ્ત વિગતો અનુસાર ગાંધીનગર તાલુકાના ડભોડા મુકામે આવેલ ભિક્ષુક ગૃહમાં રહેતી શમીમબાનુ ખાટકી એક માસ અગાઉ રસોડામાં તપેલાનું ઢાંકણ ઉંચુ કરવા જતા હતા ત્યારે ગરમ વરાળ અને ગેસના આગની જ્યોત તેમના કપડામાં લાગી જતા આગમાં લપેટાઈ ગયા હતા. આખા શરીરે ગંભીર રીતે દાઝી જતા જીવન મરણ વચ્ચે ઝોલા ખાતા તેમને સારવાર માટે અમદાવાદ સિવિલમાં ખસેડવામાં આવ્યા હતા. ત્યાર બાદ આજે તેમનું સારવાર દરમિયાન કરૂણ મોત નિપજ્યું હતુ. આ બનાવ અંગે ડભોડા પોલીસને જાણ થતા પોલીસે અમદાવાદ સિવિલમાં જઈ મહિલાના મૃતદેહનું પી.એમ. કરી સરખેજ ખાતેના કબ્રસ્તાનમાં દફનવિધિ કરી હતી. પોલીસે આ મામલે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

# વીજળીની વધુ બચત કરતો અને લાંબુ ચાલતો અદ્‌ભૂત એલઈડી બલ્બ શોધાયો

ગાંધીનગર, તા. ૨૨

ગુજરાતની અગ્રણી ઈલેક્ટ્રીક પ્રોડક્ટસ કંપની લ્યુમેન્સ દ્વારા ભારતના લોકો માટે વધુમાં વધુ વીજળીની બચતો કરતો એક અદ્‌ભૂત એલઈડી બલ્બ લ્યુમેન્સ રજૂ કરવામાં આવ્યો છે. આ બલ્બ અન્ય બલ્બની સરખામણીએ ૮૦ ટકા સુધી ઓછી વીજળી વાપરે છે છતાં પણ ખૂબ જ સારો પ્રકાશ આપે છે.

કંપની દ્વારા આ બલ્બ ભારતીય વાતાવરણ અને ગ્રાહકોની જરૂરીયાત અનુસાર ડીઝાઈન કરવામાં આવ્યો છે. અને જે માટે વિશ્વના જુદા જુદા દેશોમાંથી પાર્ટસ આયાત કરવામાં આવ્યો છે. આ બલ્બ સંપૂર્ણપણે ગુજરાતમાં ડેવલપ કરવામાં આવ્યો છે અને જેની મોટી ખાસીયત એ છે કે તે ખૂબ જ વધુ પ્રમાણમાં વીજળીની બચત કરીને ૫૦ હજાર કલાક સુધી ચાલી શકે છે. આ અંગે કંપનીના ડિરેક્ટર ડૉ. કુલદીપ કે ગ્રોવરે જણાવ્યું હતું કે અમે વિશ્વની બેસ્ટ અને એડવાન્સ ટેકનોલોજીની મદદથી અનેક સંશોધનો બાદ અમે ગ્રાહકોની જરૂરિયાતને અનુસાર આ બલ્બ તૈયાર કર્યો છે. આ બલ્બ અમને ખૂબ જ ભરોસો છે અને તેને લોકો સ્વીકારશે તેવી ખાત્રી છે. અમે ગ્રાહકોને આ બલ્બ માટે દોઢ વર્ષની વોરંટી આપીએ છીએ.

# વણકર ભવનની જમીન માટે વણકર સમાજનું ઉપવાસ આંદોલન

ગાંધીનગર, તા.૨૨

પાટનગરમાં વસતા નાના મોટા સમાજને ભવન માટે જમીન ફાળવેલ છે. ગાંધીનગરમાં વસ્તીના ધોરણે બીજા નંબરે વણકર સમાજ છે. છતાં 'વણકર ભવન' માટે જમીન ફાળવેલ નથી. જેથી તા. ૨૪મી નવેમ્બરથી એક માસ માટે ઉપવાસનું એલાન આપવામાં આવેલ છે. સેકટર ૬-૭ના બસ સ્ટેન્ડની પાછળ મેદાનમાં સવારે ઉપવાસ આંદોલન અને પ્રવકતા મૂળજીભાઈ પરમાર 'દધિ'એ જણાવેલ છે.

# સિંધુ ધામ સે. ૩૦ ખાતે તૃતીય પાટોત્સવની ઉજવણી કરાશે

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર શહેરના સે. ૩૦ ખાતે આવેલ પ્રસિદ્ધ ઝુલેલાલ-સાઈબાબા અને ઝુલેશ્વર મહાદેવની સ્થાપનાને ત્રણ વર્ષ પૂર્ણ થતા સિંધી પંચાયતના સભ્યો તેમજ સાઈ પરિવાર દ્વારા તા. ૨૬ નવેમ્બર, મંગળવાર સવારે ૯ થી ૫ કલાક દરમ્યાન મંદિર ખાતે 'વિષ્ણુયાગ'નું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં શહેરની ધર્મપ્રેમી જનતાને વિષ્ણુયાગનો લાભ લેવા સિંધી પંચાયત દ્વારા જણાવાયું છે.

# કલોલ તાલુકાના હાજીપુરથી શાળા આરોગ્ય કાર્યક્રમનો પ્રારંભ

## ગાંધીનગર જિલ્લાનાં બે લાખથી વધુ બાળકોને આરોગ્ય તપાસ - સારવાર હેઠળ આવરી લેવાશે

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લામાં આજથી શાળા આરોગ્ય-રાષ્ટ્રિય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમનો આરંભ તેમજ -ાથમિક શિક્ષણની ગુણવત્તામાં સુધાર લાવવા માટે ગુણોત્સવ કાર્યક્રમ અમલી બનાવવામાં આવ્યો છે. સરકાર દ્વારા



જિલ્લા વિકાસ અધિકારી શ્રી વિકટર મેકવાનની ઉપસ્થિતિમાં કલોલ તાલુકાના હાજીપુર ગામ નજીક આવેલ મંથન અપંગ કન્યા સેવા સંકુલ ખાતેથી કરવામાં આવ્યો હતો.

આ -સંગે જિલ્લા વિકાસ અધિકારી શ્રી વિકટર મેકવાને જણાવ્યું હતું કે, રાજય સરકાર દ્વારા રાજયમાં શિક્ષણનો વ્યાપ વધે તે માટે કન્યા કેળવણી મહોત્સવ અને શાળા -વેશોત્સવ જેવા કાર્યક્રમ અમલી બનાવવામાં આવ્યા છે. દેશના બાળકોના સ્વસ્થ અને ઉજવળ ભવિષ્ય માટે શાળા આરોગ્ય ચકાસણી કાર્યક્રમ અમલી બનાવવામાં આવ્યો છે. આ કાર્યક્રમ અંતર્ગત રાજયભરના દોઢ કરોડથી વધુ બાળકોની આરોગ્યની ચકાસણી કરવામાં આવશે. જિલ્લામાં આ કાર્યક્રમ અંતર્ગત ૨ લાખથી વધુ બાળકોના આરોગ્યની ચકાસણી કરવામાં આવશે. આ કાર્યક્રમમાં નવજાત શિશુથી ૧૮ વર્ષ સુધીના બાળકોની આરોગ્યની તપાસણી કરવામાં આવશે. કિડની, હદય અને કેન્સર જેવી બિમારી ધરાવતા બાળકોની સારવારનો ખર્ચ રાજય સરકાર દ્વારા કરવામાં આવશે.આ કાર્યક્રમના સઘન અમલીકરણ માટે જિલ્લામાં વિવિધ ટીમોની રચના કરવામાં આવી છે.

હાજીપુર -ાથમિક આરોગ્ય કેન્દ્રના મેડિકલ ઓફિસર શ્રી વિપુલભાઈએ શાળા આરોગ્ય કાર્યક્રમની રૂપરેખા આપતાં જણાવ્યું હતું કે,આ કાર્યક્રમ શાળા આરોગ્ય સપ્તાહના રૂપે ઉજવવામાં આવશે. આ સપ્તાહ દરમ્યાન આરોગ્યની તપાસ સાથે સાથે ગામની સફાઈ, વૃક્ષારોપણ,ન્યુટ્રીશન -વૃતિ, વાનગી હરિફાઈ, રેલી, ભવાઈ, વાલીઓની બેઠક, સાંસ્કૃતિક જેવા કાર્યક્રમ પણ યોજવામાં આવશે.



જિલ્લા આરોગ્ય અધિકારી શ્રી ડૉ. ડી.સી.જાગાણીએ મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કરીને જણાવ્યું હતું કે, શાળા આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત જિલ્લાની ૬૮૩ -ાથમિક શાળા, ૧૯૪ માધ્યમિક શાળા અને ૧૦૪૮ આંગણવાડીના મળી કુલ- ૨ લાખ ૨૦ હજારથી વધુ બાળકોના આરોગ્યની તપાસ કરવામાં આવશે. આ -સંગે મંથન અપંગ કન્યા સેવા સંકુલની વિશિષ્ટ દીકરીઓ દ્વારા -ાર્થના ગીત અને ગણેશસ્તુતિ રજૂ કરી સર્વેને મંત્રમુગ્ધ કરી દીધા હતા.

શાળા આરોગ્ય કાર્યક્રમના આરંભ -સંગે કારોબારી સમિતિ, જિલ્લા પંચાયતના ચેરમેન શ્રી રામાજી વી. ઠાકોર, તાલુકા સદસ્ય શ્રી ચમનજી ઠાકોર, તાલુકા આરોગ્ય અધિકારી શ્રી હર્ષદ -જાપતિ, તાલુકા વિકાસ અધિકારી શ્રી એમ.કે.પટેલ, સંસ્થાના સ્થાપક શ્રી નીરૂબેન રાવલ અને ગિરીશભાઈ પટેલ, હાજીપુરના સરપંચ શ્રી કનૈયાલાલ જાની, સહિત આશાવર્કર, આંગણવાડીની બહેનો અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયાં હતાં.

# જાયન્ટસ ગૃપ દ્વારા જરૂરીયાતમંદોને મદદરૂપ થવા અપીલ

ગાંધીનગર, તા.૨૨

જાયન્ટસ ગૃપ ઓફ ગાંધીનગર ગ્રેટર દ્વારા અનેક સેવાભાવી કાર્યો કરવામાં આવે છે. સંસ્થા દ્વારા ઋતુ પ્રમાણે અને વાર તહેવારે નેક કાર્યો કરે છે. ત્યારે શિયાળામાં ઠંડીથી ઠુંઠવાતા એવા ગરીબ અને ફુટપાથ ઉપર રહી જીવન ગુજારતા લોકોને સહભાગી થવા માટે ગૃપ દ્વારા વસાહતીઓને વપરાશમાં ન લેતા હોય તેવા ગરમ સ્વેટર, ધાબળા, ચાદર, શાલ કપડા એકત્ર કરી આપવા અપીલ કરવામાં આવી છે. જેમાં ગૃપના ચિરાગ જોષી-૯૮૭૯૫ ૮૫૨૮૩, ભાવિન સોની-૯૫૩૭૭ ૦૩૭૭૦, જીજ્ઞેસ જયસ્વાલ-૯૯૨૫૮ ૦૨૩૦૦નો સંપર્ક કરવા જણાવાયું છે.







# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૪૯
સૂર્યાસ્ત : ૫.૫૪

## તાપમાન

મહત્તમ : ૩૧.૫ ડિ.સે.
લઘુત્તમ : ૧૪.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૬૨ ટકા ● સાંજે ૫૧ ટકા

## મનોરંજન

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
રામલીલા : ૯.૩૦, ૧૨.૪૫, ૪.૦૦, ૭.૧૫, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
ગોરી તેરે પ્યાર મે : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૩ :
સીંઘ સાબ ધ ગ્રેટ : ૯.૪૫, ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
ક્રીશ-૩ : ૬.૪૫
: સ્ક્રીન-૪ :
ગોરી તેરે પ્યાર મે : ૯.૦૦
રામલીલા : ૧૨.૦૦, ૩.૧૫, ૬.૩૦, ૯.૪૫

### આર વર્લ્ડ

: સ્ક્રીન-૧ :
ગોરી તેરા પ્યાર મેં : ૯.૦૦, ૧૨.૧૫, ૬.૪૫
: સ્ક્રીન-૨ :
સીંઘ સાબ ધ ગ્રેટ : ૧૦.૦૦, ૩.૩૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૩ :
ગોરી તેરે પ્યાર મે : ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૧૫

### સૂર્યા, વાવોલ

સીંઘ સાબ ધ ગ્રેટ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
પાટણથી પાકિસ્તાન : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
ગોરી તેરે પ્યાર મે : ૧૦.૩૦, ૪.૩૦, ૧૦.૩૦
સીંઘ સાબ ધ ગ્રેટ : ૧.૩૦, ૭.૩૦
: સ્ક્રીન-૨ :
રામલીલા : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૩ :
સીંઘ સાબ ધ ગ્રેટ : ૧૦.૩૦, ૪.૩૦, ૧૦.૩૦
ગોરી તેરે પ્રયાર મેં : ૧.૩૦, ૭.૩૦

### ચિરાગ, કલોલ

ઠાકોરની લોહી ભીની ચુંદડી : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

### ટાઉન હોલ

- ગાંધીનગર કલ્ચરલ ફોરમ ગાંધીનગર દ્વારા 'ગરવી ગુજરાતણે રંગ રાખ્યો' નામક નાટક રાત્રે ૯.૩૦ કલાકે.

### આંબેડકર હોલ

- ગુજરાત તુરી સમાજ સેવા સંઘ ગાંધીનગર દ્વારા સામાજિક કાર્યક્રમ સવારે ૯.૩૦ કલાકે.

## આપની આજ

**મેષ** : તમારી વિવેકની વિપરીત કાર્ય થવાની હાની થઈ શકે છે. આવક કરતાં ખર્ચ ન વધે તેની કાળજી રાખવી. શારીરિક પીડામાંથી રાહત મેળવી શકાય.

**વૃષભ** : પ્રિય વ્યક્તિથી મુલાકાત થશે. સંતાનની સ્થિતિમાં સુધારની સંભાવના છે. જમીન- મકાનની ખરીદી થઈ શકે છએ. આર્થિક સ્થિતિમાં સુધારો થઈ શકે છે.

**મિથુન** : કાર્યોમાં નવીન સમસ્યા આવશે, જેથી ધૈર્ય અત્યંત જરૂરી છે. વાહન -જમીન- મકાનનાં પ્રશ્નોનો ઉકેલ આવી શકે છે. ભાગ્યોદયની તક મળી શકે છે. યાત્રા- પ્રવાસનું આયોજન લાભદાયી રહે.

**કર્ક** : ઉચ્ચ સ્તરીય કલ્પનાઓમાં સમય પસાર થશે. માનસિક ચિંતા હળવી બનતી જણાય. રાજકીય ક્ષેત્રે પદ- પ્રતિષ્ઠામાં વધારો થઈ શકે છે. સાવધાન રહેવું. આવક કરતાં ખર્ચ ન વધે તેની કાળજી રાખવી.

**સિંહ** : મનમાં ઉલ્લાસ અને જોશ રહેશે, જે તમારા વેપારને નવી ગતિ પ્રદાન કરશે. સંઘર્ષ ટાળવો. નાણાંકીય મુશ્કેલીઓ દૂર થતી જણાય. ભાગ્યોદયનો સાથ મળી રહે.

**કન્યા** : કૌટુંબિક વિખવાદોનો અંત આવતો જણાય. રોકાયેલા નાણાં પરત મળી શકે છે. આકસ્મિક ધન લાભ થઈ શકે છે. અકંદરે સમય સાનુકૂળ રહે.

**તુલા** : નાણાકીય સ્થિતિ મજબૂત બનતી જણાય. માનસિક ચિંતા હળવી બનતી જણાય. વાહન -જમીનનાં પ્રશ્નોનું નિરાકણ થઈ શકે છે. સમય શુભ.

**વૃશ્ચિક** : સંતાન સંબંધી પ્રશ્નોનનો ઉકેલ આવી શકે છે. આર્થિક સ્થિતિમાં સુધારો થઈ શકે છે. વેપાર અર્થે થયેલો પ્રવાસ લાભદાયી સાબિત થઈ શકે છે.

**ધન** : સ્નેહી- મિત્રજનો સાથે યાત્રા -પ્રવાસનું આયોજન થઈ શકે છે. આવક કરતાં ખર્ચ ન વધે તેની કાળજી રાખવી. દિવસ આનંદમય રીતે પસાર થાય.

**મકર** : માંગલિક પ્રસંગોમાં ભાગ લેવાનું થઈ શકે છે. સ્થાવર મિલકતની ખરીદી થઈ શકે છે. વેપાર અર્થે નવા રોકાણો થઈ શકે છે.

**કુંભ** : રાજકીય ક્ષેત્રે પદ- પ્રતિષ્ઠામાં વધારો થઈ શકે છે. આવકના સ્રોતમાં વધારો થઈ શકે છે. કાર્યક્ષેત્રમાં સમય પ્રગતિદાયક બની રહે.

**મીન** : તમારી બુદ્ધિ અને તર્કથી કાર્યમાં સફળતા મળવાની સંભાવના છે. આર્થિક સ્થિતિમાં સુધારો થતો જણાય. વિદેશથી શુભ સમાચાર મળી શકે છે. કુટુંબીજનો સાથે યાત્રા- પ્રવાસનું આયોજન થઈ શકે છે.

## ચિરવિદાય

- સ્વ. કાળાભાઈ ઈશ્વરદાસ પટેલ (ઉ.વ. ૭૫) મુ.પો. દેલવાડ, તા. માણસા, જિ. ગાંધીનગર.
- સ્વ. જયંતિભાઈ ભાયલાલભાઈ ભાવસાર (ઉ.વ. ૮૭) ૫૬-શિવાશીશ રેસીડેન્સી, ધોળેશ્વર મહાદેવ રોડ, રાંદેસણ, ગાંધીનગર.
- સ્વ. સંતોકબા પ્રભુદાસ પટેલ (ઉ.વ. ૯૫) પ્લોટ નં. ૩૩૪/૧, સેકટર-૨૨, ગાંધીનગર.
- સ્વ. ચંદ્રકાન્તાબેન પુરષોત્તમદાસ પરમાર (ઉ.વ. ૬૭) પ્લોટ નં. ૫૩૫/૨, સેકટર-૩/સી, ગાંધીનગર.
- સ્વ. વિષ્ણુભાઈ ગીરધરભાઈ પારેખ (ઉ.વ. ૬૪) મુ.પો. રાંધેજા, તા.,જિ. ગાંધીનગર.